

**ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે...ગરબે રમવાના મને ઓરતા રે,આતો હેંડ્યા માના નોરતા રે....**

નવલા નોરતાની છેલ્લી રાત્રીએ ખલૈયાઓ પરોઢિયા સુધી મનભરીને ઝૂમ્યા હતા અને આખરી રાત્રી યાદગાર બની રહે તે માટે ખલૈયાઓ અવનવા ટ્રેડિશનલ ડ્રેસીસ સાથે ગરબા, રાસ, દોઢિયાં સાથે વિવિધ સ્ટાઈલ સાથે અનોખું આકર્ષણ જમાવ્યું હતું. રામપાર્ક મેદાન નવરાત્રીમાં આતશબાજી કરી વિદાય આપી હતી, ખલૈયાઓ ગીત સંગીત અને ડીજે બંધ થયા બાદ પણ મેદાન છોડવા માટે તૈયાર નહોતા તેવો માહોલ બન્યો હતો.

### વિજયાદશમી પર્વ નિમિત્તે શ્રી રામ સેવા સમિતિ દ્વારા

# પાલનપુર શહેરમાં ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રા

### ભારે આતશબાજી વચ્ચે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો



પાલનપુર, તા. ૩૦

પાલનપુર ખાતે વિજયાદશમી પર્વ નિમિત્તે પાલનપુર શહેર માં શ્રી રામ સેવા સમિતિ દ્વારા ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. જે મોડી સાંજે રામલીલા મેદાન ખાતે પહોંચી હતી. જ્યાં ભારે આતશબાજી વચ્ચેરાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા લક્ષ્મણ ટેકરી ખાતેથી બપોરે નિકળી હતી. જે શહેરના દિલ્હીગેટ, સિમલાગેટ, કિર્તીસ્તંભ રોડ, અંબાજી મંદિર સંજય ચોક, ગઠામણ દરવાજા, ગુરુનાનક ચોકના સહિતના શહેરના જુદા જુદા રાજમાર્ગો પરથી પસાર થઈ મોડી સાંજે રામલીલા મેદાન ખાતે પહોંચી હતી. શોભાયાત્રામાં રામ, લક્ષ્મણ, હનુમાનજીની વેશભૂષાધારી પાત્રો, શણગારેલો રથ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. નગરજનો દ્વારા શોભાયાત્રાનું માર્ગમાં ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં શહેરના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા જ્યારે રામલીલા મેદાન ખાતે હજારોની સંખ્યામાં લોકો ઊમટયા હતા. અંતે ભગવાન શ્રીરામના હસ્તે મેઘનાથ, કુંભકર્ણ અને છેલ્લે ૬૫ ફૂટ ઊંચા રાવણના દહનનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે સાંજના સમયે ભવ્ય આતશબાજીથી લોકો આનંદવિભોર બન્યા હતા.

## પાલનપુર રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું

પાલનપુર, તા. ૩૦

આજે વિજિયા દશમી નિમિત્તે શસ્ત્ર પૂજન નું વિશેષ મહત્વ હોય છે ત્યારે પાલનપુર રાજપૂત સમાજ દ્વારા પાલનપુર ની સરસ્વતી વિદ્યાલય માં મોટી સંખ્યા માં શસ્ત્ર પૂજન માં લોકો ભાગીદાર બન્યા હતા.રાજપૂત સમાજ દ્વારા આજે ૧૫ માં શસ્ત્ર પૂજન સમારોહ માં શહેર ના મોટાભાગ ના રાજપૂત આગેવાનો હાજર રહયા હતા તેમજ શસ્ત્રો ના પૂજન બાદ આરતી કરી માં જગત જનની ના આશીર્વાદ મેળવ્યા હતા.આજના દિને શસ્ત્ર પૂજન બાદ રાજપૂત સમાજ દ્વારા એક સભા નું પણ આયોજન કરાયું હતું જેમાં રાજપૂત સમાજના આગેવાનો સહીત સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પ્રાંતિજના ઓરાણની મહિલા દાઝી જતાં સારવાર અર્થે ખસેડાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ના ઓરાણ ની મહિલા પોતાનાં ઘરે રસોઈ બનાવતી હતી તે સમયે શરીરે દાઝી જતાં તેને સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના ઓરાણ ખાતે રહેતાં રૂબીના બાનું રસિકમીયાં શેખ ઉ.વર્ષ- ઉ.વર્ષ- ૩૫ કે જે પોતાનાં ઘરે રસોઈ બનાવતી હતી તે સમયે પ્રાઈમસથી દાઝી જતા પહેલાં પ્રાંતિજ સી. એચ.સી તથા વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયારે આ અંગેની જાણ પ્રાંતિજ સી.એચ.સીના હાજર તબીબી ર્ડા.જે.કે. પ્રણામી દ્વારા પોલિસ ને જાણ કરતાં પ્રાંતિજ પોલિસે ગુનોનોધી આગળની તપાસ હાથધરી છે.

## ખેડબ્રહ્માંમાં દારૂની મહેફિલ માણતા ત્રણ દારૂડિયા ઝડપાયા

ખેડબ્રહ્મામાં ૩ દારૂડિયા ઝડપાયા. ખેડબ્રહ્મામાં નવરાત્રી દરમ્યાન દારૂની માહિફેલ માણી રોડ પાર ફરતા ૩ દારૂડોયા ઝડપાયા હતા પોલીસ કોન્સ્ટીબલ પ્રકાશભાઈ ભીમજી પેટ્રોલિંગ કરતા હતા ત્યારે માતાજી મંદિર પાસે વિજયસિંહ રંજીસિંહ લથડીયા ખાતા ફરતા હતા જેથ પોલીસે પકદી પડ્યો હતો જ્યારે હરજીપૂરા માં પેટ્રોલિંગ દરમ્યાન બે ઈસમો લથડીયા ખાતા માડી આવેલ જેથી ટાઉન જમાદાર કનુભાઈ તરાલ એ પૂછપરછ કરતા બંને દારૂ પીધેલી હાલતમાં જનતા હતા અને બંને જણા રોદ પર લથડીયા ખાતા હતા.

# પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લી મેળો ભરાયો

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી પલ્લી નો મેળો ભરાય છે જેમાં ૨૯-૯-૨૦૧૭ ને શુક્રવારના રોજ પ્રાંતિજ ના બ્રહ્માણી માતાના મંદિરે પલ્લી ના દર્શન માટે આવેલ મહેરામણમાં સીતેર હજાર કરતાં પણ દર્શનનાર્થીઓ ઉમટી પડયા હતાં પ્રાંતિજ પી.આઈ ટી.બી.રાઠોડ દ્વારા કોઈ અવનવી ધટના ન બને તે માટે પુરે-પુરી દેખરેખ રાખવામાં આવી હતી અને આરોગ્ય તંત્રની ટીમ પણ રાત્રીના સમયે હાજર હતી શુધ્ધ પીવાના પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવીહતી. નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ દ્વારા પણ નગરપાલિકાની એમ્બ્યુલન્સ તથા લાઈબંબાની વ્યવસ્થા કરવામાં આવીહતી.પલ્લી ના મેળાનો લાંભ લેવા આજુબાજુના ગામડાં તથા દુર-દુર થી ભાવિકો ઊમટી પડયા હતાં.



ભરાયેલા પલ્લી ના મેળામાં માઈ ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં પલ્લી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને જયઅંબે... ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજી ઉઠયું હતું.

બ્રાહ્મણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવીહતી.મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટ ના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી હતી ભકતો દ્વારા પલ્લી માં માંગેલ બાધાપૂર્ણ કરવા માટે ધી ચડાવવા માટે મંદિર ના ચોકમાં મુકેલ પીપ અને તપેલા પણ નાના પડયા હતાં અને ધીનો વરસાદ વરસ્યો હતો પટેલ વાસ ના યુવાનો દ્વારા પલ્લી બનાવવામાં આવી હતી અને પાલખી સ્વરૂપે તેને બ્રહ્માણી ચોકમાં ધુમાવવામાં આવેલી અને આતબાજીની સાથે આખું વાતાવરણ 'જય અંબે 'ના નાદ સાથે ગાજી ઉઠેલું







## મોડાસામાં લાયન્સ ક્લબ દ્વારા શેરી ગરબા સ્પર્ધા યોજાઈ

આધુનિક યુગમાં અર્વાચીન ગરબા ખેલૈયાઓમા હોટ ફેવરિટ રહેતા ગરબાની વચ્ચે પ્રાચીન અને શેરી ગરબા લુપ્ત થઈ રહ્યા છે ત્યારે લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શેરી ગરબાની સંસ્કૃતિ જળવાયી રહે અને શેરી ગરબાનું આયોજન યથાવત રહે તે માટે શેરી ગરબા સ્પર્ધાનું આયોજન કરી મોડાસા શહેરના એકથી ત્રણ નંબરના કલાત્મક તેમજ માના સંગીતના તાલે ઝુમતા ખેલૈયાઓ રમાડતા આયોજક મંડળને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા વિજેતા બનેલા શેરી ગરબાના આયોજક મંડળો ઈનામી ટ્રોફી મળતા ઝુમી ઉઠ્યા હતા જેમાં રિદ્ધિ સિદ્ધિ નવરાત્રી પ્રથમ, દ્વિતિય નંબરે કલ્યાણ ચોક નવરાત્રી અને તૃતીય ક્રમાંક અરવલ્લી નવરાત્રી-રામપાર્ક મેદાન વિજેતા બની હતી. આ પ્રસંગે પ્રમુખ ભાવેશભાઈ જયસ્વાલ(ગોકુલ ટ્રાવેલ્સ), મંત્રી સુરેશભાઈ પટેલ અને ઝેડ.સી.એફ પ્રવીણ પરમાર સહીત લાયોનેશ ક્લબ અને લાયન શક્તિની બહેનો ઉપસ્થિત રહી હતી.

# પ્રાંતિજ પાસે ટ્રકની અડફેટમાં બાઈક સવાર પતિ-પત્ની અને પુત્રીનું મોત

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ટુડોર પાસે ટ્રક ચાલકે બાઈકને અડફટે લેતાં બાઈક ઉપર જઈ રહેલ પિતા, પુત્રી, પત્નીનું કમકમાટીભર્યું ઘટના સ્થળે મોત.

પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ ઉપર ગાંધીનગરના વાવોલના વતની રાકેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ પોતાની મોટર સાઈકલ GJ18CK8439 ઉપર તેમણી પુત્રી પત્ની સાથે પ્રાંતિજ ખાતે તેમણાં સાઢુભાઈ ને ઘરે આવી રહ્યાં હતાં તે દરમ્યાન પ્રાંતિજ ટુડોર પાસે પાછળ થી ફુલ ફાસ્ટ આવતી ટ્રક GJ18AV9707 નો ચાલક બેદરાકારી રીતે હંકારી લાવી બાઈક ઉપર જઈ રહેલ પરિવાર ને અડફેટે લેતાં રાકેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ તેમણી પત્ની આશાબેન



રાકેશભાઈ પ્રજાપતિ તથા તેમણી પુત્રી નીશીતા બેન રાકેશભાઈ ને અડફેટે લેતાં ત્રણેયની ખોપરી ફાટી ગઈ હતી અને ઘટના સ્થળે પિતા, પુત્રી અને પત્ની નું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું જયારે અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલિસ ને થતાં પ્રાંતિજ પોલિસ ધટના સ્થળે દોડી આવી હતી અને રોડ ઉપર થયેલ ટાફિક હળવો કર્યો હતો જયારે મુતકો ને પ્રાંતિજ સિવીલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતાં જયારે ભલાભાઈ રામદાસ પ્રજાપતિ રહે. પ્રાંતિજ કુંભારવાસ ની ફરીયાદ ના આધારે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

# પ્રાંતિજની પરણિત યુવતીના પિતા દ્વારા સાસરીયા સામે ત્રાસની ફરિયાદ

### પતિ સસરા-સાસુ જેઠ-જેઠાણી પાંચ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સલાલ ખાતે પરિણીતા પાસે પોતાનાં બાપનાં ઘરે થી ૫૦,૦૦૦ લઈ આવવાની માંગણી તથા શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતાં યુવતીના પિતા દ્વારા પતિ સહિત ચાર વિરૂધ્ધ પોલિસ ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર રહેતાં ઈકબાલભાઈ રમઝાનભાઈ લુહાર કે જેવો ની દિકરી નગમાબાનું ના લગ્ન બે વર્ષ પહેલાં કલોલ ખાતે રહેતાં સાજીદભાઈ મજીદભાઈ લુહાર સાથે કર્યા હતાં અને લગ્નના બે વર્ષ માં પતિ સાજીદભાઈ લુહાર દ્વારા તેની પત્ની નગમાનું પાસે બુલેટ લાવવા માટે તેના પિતા ના ધરેથી ૫૦,૦૦૦ લઈ આવવાની માંગણી કરેલી અને નગમાબાનુને તેના પતિ દ્વારા શારીરીક માનસિક ત્રાસ આપવામાં આવતાં તે તેના પિતાના ઘરે આવી ગઈ હતી જયારે તેના પિતા દ્વારા તેમણી દિકરીને સાસરીમાં શારીરીક માનસિક ત્રાસ તથા ગડદાપાટુ તથા મારઝુડ કરતાં પતિ સસરા, સાસુ, જેઠ, જેઠાણી એમ પાંચ વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં યુવતીના પિતા ઈકબાલભાઈ લુહાર દ્વારા પોલિસ ફરીયાદ કરવામાં આવતાં પ્રાંતિજ પોલિસે પરિણીતા નો પતિ સાજીદભાઈ મજીદભાઈ લુહાર, સસરા મજદભાઈ મહંમદભાઈ લુહાર, સાસુ મહેરાજબાનુ મજીદભાઈ લુહાર જેઠ મોહસીનભાઈ મજીદભાઈ લુહાર, અને જેઠાણી નમદાબાનુ મોહસીનભાઈ લુહાર તમામ રહે કલોલ જિ.ગાંધીનગર વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસે યુવતીના પિતા ની ફરીયાદના આધારે ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ડો. કરસનદાસ સોનેરીનો સન્માન સમારોહ

મોડાસા, તા. ૩૦

મોડાસામાં કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ડૉ. કરસનદાસ સોનેરી નો ભવ્ય સન્માન સમારોહ યોજાયો: વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા. અરવલ્લી જિલ્લા યુવા વણકર સેવા સંગઠન દ્વારા યોજાયેલ સન્માન સમારોહ ઐતીહાસીક રીતે રાજકારણથી દૂર રાખી સામાજિક બનાવ્યો.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં દશેરાના દિવસે ચાર રસ્તા ખાતે આવેલ નગરપાલિકા ટાઉનહોલમાં વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણી ના જંગમાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત રાજ્યમાં કાર્યકારી પ્રમુખ તરીકે ડૉ.કરસનદાસ સોનેરી ની નિમણુંક થતા અરવલ્લી જિલ્લા યુવા વણકર સેવા સંગઠન દ્વારા વરિષ્ઠ પત્રકાર અને પદ્મશ્રી દેવેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં યુવાનો વડીલો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા સન્માન સમારોહ સંપૂર્ણ પણે રાજકીય રંગથી દૂર રાખી સામાજિક બનાવતા લોકો એ સરાહના કરી હતી.



અરવલ્લી જિલ્લા યુવા વણકર સેવા સંગઠન દ્વારા શનિવારે બપોરે મોડાસા ચાર રસ્તા ખાતે આવેલ નગરપાલિકા ટાઉનહોલ ખાતે પૂર્વ શિક્ષણ અને આરોગ્ય મંત્રી અને તાજેતરમાં ગુજરાત રાજ્ય કોંગ્રેસ માં કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા ડૉ.કરસનદાસ સોનેરીનો ભવ્ય સન્માન સમારોહ વરિષ્ઠ પત્રકાર અને પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ ની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં રાષ્ટ્રીય હિત રક્ષક દળના હસમુખ સક્સેના,મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ઠાકોર અરવલ્લી જિલ્લા કોંગ્રસ પ્રમુખ કમલેન્દ્ર સિંહ પુવાર, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ સચિન પટેલ, રેવાભાઈ ભાંભી,જશું ભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ અને સમાજના અગ્રણીયો ઉપસ્થિત રહ્યા હતા ડૉ.કરસનદાસ સોનેરી એ યુવા દ્વારા કરાયેલ સન્માનની ભારે પ્રસંશા કરી હતી અને યુવાઓને આગળ આવવા આહવાન કર્યું હતું.

## ભિલોડા મહાકાલી માતાના મંદિરે નવચંડી હવન યોજાયો

ભિલોડાના હાથમતી નદીકિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરે આસો સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. આસો સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પર્ણાહૂતિ કરવામાં આવી હતી. દર્શનાર્થે ભારે માનવમેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી સહિત સેવાભાવી કાર્યકરો, ગ્રામજનો ધ્વારા નવચંડી હવનના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.